ફક્ત ઈમામી ઈસમાઈલીઓ માટે

# ફરમાન મુબારક

# ૩૧૩

ફક્ત ઈમામી ઈસ્માઈલીઓ માટે

હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહ
તથા
પવિત્ર નુર મૌલાના શાહ કરીમ
હાઝર ઈમામના

# પવિત્ર
# ફરમાન મુબારક
# ૩૧૩

-: સંગ્રહકર્તા :-
'અભ્યાસી'

સેવક મહમદઅલી ઈબ્રાહીમ નાંનજી
ઠે :- રોશન વીલા, સી-૩૨-એ, બ્લોક-૬,
ફેડરલ બી. એરીયા,
કરાંચી - ૩૮.

સર્વ હક્ક સ્વાધીન

આવૃત્તિ બીજી
૨૦ જુલાઈ ૧૯૮૪
પ્રત : ૧૦૦૦

-: મુદ્રક :-
ગુલકો પ્રિન્ટર્સ,
તાલપુર રોડ, (વુડ સ્ટ્રીટ), કરાંચી-૨
ફોન : ૨૩૯૦૭૨

# બે બોલ

ઈસ્માઈલીઓનું એ ગૌરવ છે કે ઈસ્લામના આરંભથી આજ દિવસ સુધી રૂહાની પ્રકાશની દુનિયા ઈમામત સાથે એક સત્ય તરીકે રહે છે. આ અનોખી પ્રણાલિકા પ્રમાણે દરેક વખતના ઈમામે પોતાના મુરીદોને દુનિયાની જવાબદારીઓને સંભાળવા સાથે પોતાના મકસદને હાંસલ કરવા યોગ્ય હિદાયત ફરમાવે છે.

આ પ્રકાશનમાં ઈમામે ઝમાનના અમુલ્ય જવેરાતોરૂપી ફરમાનો સમાવવામાં આવ્યા છે. જે રૂહાની ઈલ્મ (સમજ), ઈશ્ક, ઈમાન અને ઈબાદતના વિષયો પ્રમાણે ક્રમવાર ગોઠવવામાં આવેલા છે. જેના થકી જે દીનદાર ભાઈઓ પોતાની જાતનો રૂહાની વિકાસ કરવા, જેઓ આપણા દીન

વિષે વધારે સારી સમજ મેળવવા તેમજ જીવનનો આંતરીક અર્થ જાણવા અને પોતાના રૂહને ઉંચે દરજજે લઈ જવા ચાહે છે; તેમને સહાય રૂપ થશે.

આ એ ફરમાનોને એક ધ્યાનથી વાંચવાથી રૂહની સાચી સમજ (ઈલ્મ) જે થકી રૂહાની ઈશ્ક અને તે રૂહાની ઈશ્ક થકી બાતુની ઈબાદત શક્ય છે. જે થકી એકાગ્રતા પ્રાપ્ત થાય છે. જે એકાગ્રતા થકી ઈન્સાન જીંદગીના મકસદને પામે છે.

મજકુર મકસદને પ્રાપ્ત કરવા ચાહતા દીનદારોને સહાય રૂંપ થવા માટે આ પ્રકાશન મી. મહમદઅલી ઈબ્રાહીમ નાનજી "અભ્યાસી" અને તેમના સાથીદારો એ બહાર પાડેલ છે.

નુર ઈલાહી અવલ થા
સો આખર જગમેં પાયા ઝહુર.
ઈસી દીનકે તાબે હોવે
ઉસમે રોશન હોવે રબકા નુર.
ખતમ કીયા ઈસ કલામકુ
સબ જાહેર કહે સુનાયા,
સો પડો શિખો સુનો ઓર સુનાઓ
યુ મૌલાને હુક્મ ફરમાયા.
મરતબા ઈલ્મ કેરા
સબ હુન્નર ઉંપર હએ આલા,
કે ઈલ્મસે તો રબ પહેચાના
જીને અપના દીલ ઉંજાલા;
ઓર હુન્નર કમાઈ ફના હોવે
પહેછાન ખુદાકી રહેવે બાકી,
એ સુનો સમજો યાદજ રાખો
ફરમાયા કઉંસરે સાકી.
(કલામે મૌલા)

# પવિત્ર નુર
# મૌલાના શાહ કરીમ
# હાઝર ઈમામે ફરમાવ્યું :-

અમારા પ્યારા પુજનીય યાદના દાદાજાનની સંપૂર્ણ ઈચ્છા અને નિમણુક મુજબ પવિત્ર ઈમામતની મારી ગાદીનશીની નિમિતે અમો આખી દુનિયાના બધા વ્હાલા રૂહાની બચ્ચાઓને અમારા માતા અને પિતા તરીકેના ઉત્તમ દુઆ આશિષો ફરમાવીએ છીએ.

નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામે ઈમામતની મસનદ ઉપર બિરાજમાન થયા બાદ શનિવાર તા. ૨૦-૭-૧૯૫૭ ના જીનીવા ખાતે વીલા બરકતમાં ત્યાં ખાતે હાજર રહેલા મુરીદો વચ્ચે પહેલીજ વાર મુખ મુબારકથી ફરમાવ્યું.

તમો મારા સઘળાં રૂહાની બચ્ચાઓ

ને અમે ઘણા 'દુઆ આશિષ ફરમાવીએ છીએ અમે દુઆ કરીએ છીએ કે તમે સુખી અને આબાદ રહો.

અમારા દાદા પ્રત્યે તમોએ જે ભક્તિ ભાવ અને વફાદારી બતાવી છે તેની અમારા દીલ ઉપર ઘણી ઊંડી અસર થઈ છે.

અમારા દાદાએ જીંદગીના છેવટ સુધી પોતાના રૂહાની બચ્ચાઓની ભલાઈ માટે કામ કર્યું હતું. અમો પણ અમારી જીંદગી તમોને અર્પણ કરીએ છીએ.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાંઓ, અમો તમારી સમક્ષ બોલી રહ્યા છીએ એ સાથેજ તમારા આગલા ઈમામની યાદીઓને અમારી અંજલી અર્પણ કરીએ છીએ.

જ્યાંરે આપણે એવણને યાદ કરીએ

છીએ ત્યારે એવણની ઘણી ઘણીયાદો આપણા ખ્યાલમાં આવે છે.

એવણની જીંદગી દરમ્યાન એવણે આપણી કોમ માટે જે હાંસલ કર્યું છે તે સાધારણ રીતે કામયાબ કરતાં કેટલીક સદીઓ વીતી જાય છે. એમનાં કાર્યો કેટલાં ભવ્ય અને પ્રભાવશાળી હતાં એ દુનિયાએ એમને જે અંજલિઓ આપી, એ સાચી રીતે પૂરવાર કરે છે.

એવણ અમારા માટે પ્રેરણાદાયક હશે અને એમના નક્શે કદમ ઉપર ચાલવાની હંમેશા અમારી સંપૂર્ણ ઈચ્છા રહેશે.

આત્મા માટે બંદગી અને શરીર માટે કસરત કરવા સાથે શુભેચ્છા અને સહકારની ભાવના કેળવશો તો તમોને હંમેશા

સફળતા મળશે.

ઈન્સાનમાં બે ચીજો છે : એક શરીર અને બીજો આત્મા.

આત્માને રૂહાની ખોરાકની જરૂર પડે છે તેજ પ્રમાણે શરીરને કસરતની જરૂર પડે છે.

સુખની એક માત્ર ખાત્રીપૂર્વકની ચાવી છે તે છે ઈબાદત.

તમારામાંના ઘણા ને એ સમજાશે કે જ્યારે તમારો મુસીબતનો સમય હોય અથવા વ્યક્તિગત ગમ હોય તો તેના નીવારણનો માત્ર ખરો ઈલાજ ઈબાદત છે.

પરંતુ માત્ર મુશીબતના વખતમાંજ બંદગી કરો તેમ ન હોવું જોઈએ.

સુખના દિવસોમાં પણ ઈબાદત

કરવી જોઈએ. કારણ કે તે તમને ઈન્શાનિયતના ગુણો બક્ષશે જે તમારામાં હોવા જોઈએ.

સેંકડો વરસથી અમારા રૂહાની બચ્ચાઓ ઈમામતની રસી દ્વારા દોરવણી મેળવતા રહ્યા છે.

તમોએ સઘળી બાબતોમાં સલાહ અને સહાય માટે જમાનાના ઈમામ તરફ દ્રષ્ટિ કરી છે અને તમારા ઈમામને પોતાના રૂહાની બચ્ચાઓ પ્રત્યે અતિશય પ્રેમ અને વહાલ હોવાથી, એમના નુરથી તમોને એંધાણ મળ્યું છે કે તમારે રૂહાની અને દુન્યવી સંતોષ પ્રાપ્ત કરવા કયાં અને કઈ દિશામાં મોઢું ફેરવવું જોઈએ.

ઈમાન એ મોટામાં મોટી વસ્તુ છે

રસ્તામાં ધુળ પડી હોય તેની કંઈ કિંમત નથી, તેમ ઈમાન વગરના માણસની કિંમત ધુળ મીસાલ છે.

મઝહબી જ્ઞાન તેમજ ઈમાન વિના ઇંન્સાન ધુળ મિસાલ છે અને તે વિના તેની જીંદગી અર્થ વગરની છે.

ઈમાનવાળા ગરીબ માણસનું જીવન, ઈમાન વગરના ધનવાન કરતાં ઘણુંજ કિંમતી છે.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ એક મુદ્દો ઘણી જબરી મહત્વતા ધરાવે છે અમો ઇચ્છીએ છીએ કે તમો હંમેશા એ યાદ રાખો કે તમો તમારી જીંદગી દરમ્યાન જમાતખાનાની હાજરીમાં નિયમીત રહેશો.

તમારી બંદગીઓમાં હંમેશા નિયમીત રહેશો.

તમારી મઝહબી ફરજોમાં નિયમીત રહેશો, એવું અમો ચાહીએ છીએ.

અમે ઈચ્છીએ છીએ કે તમે એમ નહિ સમજતા કે તમે તમારા રસ્તાના (મંઝીલના) આખરી છેડા સુધી પહોંચી ગયા છો.

પણ તમારે એ યાદ રાખવું જોઇએ કે તમે હંમેશા તે રસ્તાના શરૂઆતના તબક્કામાં છો.

રૂહાની બાબતોમાં અમો ઈચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે આપણી જમાતની પ્રણાલીકાઓ તેરસો વરસથી ચાલી આવે છે.

અમો ઇચ્છીએ છીએ કે અમારી જમાત ઇમામતની રસીને મજબુતપણે વળગી રહે.

અમો ઇચ્છીએ છીએ કે તમે આપણી પ્રણાલીકાઓને મજબુતપણે વળગી રહો.

અમો ઇચ્છીએ છીએ કે તમો નિયમિત જમાતખાને હાજરી આપો અને આપણી જમાતની પ્રણાલીકાઓનું પાલન કરો.

જમાતખાનામાં નિયમીત રીતે હાજરી આપો. અને નિયમીત રીતે દુઆ બંદગી ગુજારો કારણ કે માત્ર આ એકજ વસ્તુ છે કે જે તમને સાચું સુખ આપી શકશે.

તમારામાંના દરેકને પોતાના મઝહબનું ઊંડું જ્ઞાન અને સાચી સમજ હોવી જોઇએ.

અમને લાગે છે કે આપણી યુવાન પ્રજાને ગીનાન શીખવવાની ઈસમાઈલીયા એસોસીએશન ઉપર ખાસ કરીને જે જવાબદારી અને ફરજ છે તેને અંજામ આપશે તોજ આપણી આ અદભુત પ્રણાલીકાઓને આપણે ચાલુ રાખી શકીશું, નહિતર આપણે આપણો અગત્યનો એવો ભુતકાળનો અમુક વારસો ગુમાવી બેસશું કે જે આપણી જીંદગી પર્યંત અને હવે પછી જનમવાના છે તે અમારા રૂહાની બચ્ચાઓનાં જીવન માટે અતી અગત્યનો છે.

સદીઓ થયા જુદા જુદા ઈમામોના વખતમાં મઝહબી રીત રીવાજો એક સરખા જ રહ્યા છે.

અમો માનીએ છીએ કે અમારી કોમી જીંદગીમાં ફેરફારો થવાજ જોઈએ.

દુન્યવી બાબતો માટે ઇમામ પોતે નિર્ણય લ્યે છે. અને જુદા જુદા વિસ્તારોમાં અમો ફેરફાર કરી રહ્યા છીએ.

પરંતુ અમારે ભારપૂર્વક જણાવવું જોઈએ કે એ જરૂરી નથી કે અમારા મઝહબી સિધ્ધાન્તોમાં પણ થવા જોઈએ.

અમો તમોને વખતો વખત દુન્યવી બાબતોને લગતા ફરમાનો કરીએ છીએ પણ જે બાબત અગત્યની છે અને હંમેશા અગત્યની રહેશે તે એ છે કે અમારા રૂહાની બચ્ચાઓએ પોતાના મઝહબનો અર્થ સમજવો જોઈએ.

સદીઓ થયા જુદા જુદા ઈમામોના વખતમાં મઝહબી રીત રીવાજો એક સરખા જ રહ્યા છે.

તેઓએ નિયમીત રીતે પોતાના મઝહબની પાબંદી કરવી જોઈએ પછી તે (૫૦૦) વરસ ભૂતકાળમાં હોય કે (૫૦૦) વરસ ભવિષ્યમાં હોય.

અમો ઈચ્છીએ છીએ કે તમે ભૂતકાળની જેમ તમારી ઈબાદત બંદગી નિયમીત ગુજારતા રહેજો.

માવિત્રોની એ ખાસ ફરજ રહેશે કે અમારા રૂહાની બચ્ચાઓ, અમારા નાના રૂહાની બચ્ચાઓને તેમનો મઝહબ શીખવે અમારી જમાતો એ યાદ રાખે કે આ સિવાય અન્ય કોઈ કામ કરવાનો કોઈ અર્થ નથી.

તમારે એ પણ યાદ રાખવું જોઈએ કે એકલી કેળવણીજ પુરતી નથી, તમારામાં શ્રધ્ધા અને મઝહબ માટે પ્રેમ પણ હોવાં જોઈએ.

સૌથી વધારે મહત્વની બાબત તમારે એ યાદ રાખવાની છે કે દુન્યવી જીવન એ કાંઇ તમારું ધ્યેય નથી.

સૌ પ્રથમ તમારે તમારી મઝહબી ફરજો અને તમારી બંદગીમાં નિયમીત રહેવું જોઇએ.

યાદ રાખો કે તમારી પાસે અહીં (આ દુનિયામાં) જે કંઇ છે તે ટૂંક મુદત માટે છે. તમો આ પૃથ્વી પર અમર્યાદિત સમય સુધી રહેવાના નથી.

અમો નથી ઇચ્છતા કે અમારા રૂહાની બચ્ચાઓ એ ભુલી જાય, કે આ પૃથ્વી ઉપરનું જીવન અનંતતામાનો માત્ર એક ઘણો ટુંકો માર્ગ છે અને તમારે એમ ન માનવું જોઇએ કે તમો

અહિં માત્ર એકજ હસ્તી માટે છો અને ત્યાર પછી તમારે કોઈ હિસાબ આપવાનો નથી.

કોઈપણ રૂહાની બાળક માટે આ દુન્યવી બાબતો સર્વોપરી અગત્યતા ધરાવતી નથી, તે ક્યારેય ધરાવશે પણ નહિ.

તમારે એ સમજવું જોઈએ કે આ દુન્યાની અંદર આપણે ઘણા થોડા સમય માટે છીએ.

આ દુનિયાનો જ્યારે આપણે ત્યાગ કરીશું ત્યારે દુન્યવી ઉન્નતિ માટે જે કાંઈ કર્યું હશે તે આપણે આપણી સાથે લઈ જઈ શકશું નહિ.

માટે દુન્યવી વસ્તુઓ પાછળ અવિચારી બની ભટકવું એ માત્ર

નાદાનીજ નહિ પણ મુર્ખતાજ છે.

જેઓ અમર્યાદીત દૌલત ધરાવે છે પરંતુ તેઓ જાણતા નથી કે તેઓનું આ ધન આવે છે ક્યાંથી ? તેનુ મુલ્ય કેટલું છે ? અને તે શા માટે છે ? વહેવારૂ રીતે પણ જોતાં આ ધન દૌલત આશીર્વાદરૂપ બનવાને બદલે તે વધુ અને વધુ બોજારૂપ બનવાની વલણ ધરાવે છે.

પૈસા અને દુન્યવી નિયામતો એ ખરી ફતેહમંદીથી ઘણાંજ દૂર છે.

એવો સમય આવે કે તમારે ન નીવારી શકાય તેવી લાલચોનો સામનો કરવો પડે, ત્યારે મઝહબના સંપૂર્ણ જ્ઞાન થકી તેની ઉપર વિજય મેળવી શકશો.

તમારા વડીલો એ ક્યારે પણ ન

આપી હોય તેવી સલાહ અમો તમોને આપીએ છીએ.

જો તમે ઈલ્મ થકી તમારી જાતને સજાવશો અને તે મુજબ અમલ કરશો તો તમે ફરિશ્તા બનશો.

આવતી પેઢીઓ દરમ્યાન તમે વધતી જતી ભૌતીક વિપુલતા અને દુન્યવી પ્રવૃત્તિ ધરાવતા એવા જગતમાં જીવી રહ્યા હશો કે જેમાં માનવીના મોટા વર્ગનું બુધ્ધિકૌશલ્ય અને વિચારશક્તિ તમને દુન્યવી લાભો પુરા પાડવા તરફ વળેલા હશે.

કદાચ એક દિવસ અમુક માનવીઓના મનમાં મઝહબના અર્થ અને તેની જરૂરત વિષે કંઈક ગુંચવડો પેદા થશે.

જો અમારા રૂહાની બચ્ચાઓ પોતાના માનસને સર્જાએલાને બદલે સર્જક ગણવા માંડશે, અને તેઓના દુન્યવી સુખચેનને જોતાં તેઓ રૂહાની નમ્રતાને બીન જરૂરી માનવા પ્રેરાય એવી રીતે તેઓ પોતાના જીવનનું ઘડતર કરશે તો અમો તમને હમણા કહી શકીએ છીએ કે સાચા અને વાસ્તવિક સુખ અમારી દુઆ છે કે જેનો તમને અનુભવ થાય તે તમારા હૃદયને કદી સ્પર્શ નહીં કરે.

તમારી આસપાસના દુન્યવી વાતાવરણનું કોઇ પણ ઝડપી પરિવર્તન તમારા માટે અતિશય દુખદાયક, અતિશય ચિંતા કરાવનારૂ અનેહતાશા લાવનારૂ બનશે.

તમારે ઠાઠ માઠ ભર્યું કે અમીરી જીવન જીવવું ન જોઇએ. કે જે માત્ર

તમને જ નહિ પણ તમારા બાળકોને અને તમારા કુટુંબને નુકશાન પહોંચાડે છે.

તમો સમજી નહીં શકો કે દુન્યવી લાભોએ તમારા હૃદયમાં માત્ર અસંતોષ અને ભ્રમણા પેદા કર્યા છે.

જો તમે ઈલ્મ થકી તમારી જાતને સમજાવશો અને તે મુજબ અમલ કરશો તો તમે ફિરસ્તા બનશો.

તમારે તમારી આવકની મર્યાદામાં રહેવું જોઈએ તમારે ઠાઠ માઠથી કે ખર્ચાળ રીતે રહેવું ન જોઈએ. કારણ કે ન તો અમારી જમાતોના હીતમાં છે કે ન તો તમારા બચ્ચાઓ કે તમારા પૌત્રાઓ કે તમારા પરપૌત્રાઓના હીતમાં છે.

અમો તમોને ભારપૂર્વક ફરમાવીએ

છીએ કે તમે સાવચેતીથી અક્કલ હુશિયારીથી અને કરકસરથી રહો ખાનાવાદાન.

જો તમે ઈલ્મ થકી તમારી જાતને સજાવશો અને તે મુજબ અમલ કરશો તો તમે ફિરસ્તા બનશો.

તમારામાંનાદરેકનેપોતાનામઝહબનું ઉંડું જ્ઞાન અને સાચી સમજ હોવી જોઈએ.

આ જ્ઞાન તેમજ સમજ મેળવવામાં જેઓ બીજાઓને સહાય કરે છે તેઓને અને પોતાના મઝહબ વિષે માહિતી મેળવવાની જેઓએ નેમ રાખી છે. તેઓને અમો અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ.

અમોને એ જાણીને અતિશય હર્ષ થયો છે કે જે સ્થળે અમારા દાદાજાનનો જન્મ થયો હતો એ સ્થળે પાકિસ્તાનની જમાતે અમારા માટે એક ઘર ધરાવવાનું શક્ય બનાવ્યું છે.

તમો કોઈ વેળાએ બસમાં અગર બીજે ક્યાંએ જઈ રહ્યા હો અને જો તમારા પાસે તસ્બી હોય તો અચુક ત્યાંજ અને ત્યારેજ તમારી દુઆ ગુજારી લ્યો અને તેમાં જરાએ અચકાઓ નહીં અથવા શરમાઈને મુલતવી રાખો નહીં.

સાચા સુખની એક માત્ર ખાત્રીપુર્વકની ચાવી છે, તે છે ઈબાદત.

યાદ રાખો જે અમો તમોને અવાર નવાર દુન્યવી ફાયદા માટે ફરમાન ફરમાવીએ છીએ પરંતુ અમો જોઈએ

છીએ કે તમારામાંના ઘણા ખરા દુનિયા પાછળ લાગેલા હોય છે અને દુન્યવી પ્રગતિનેજ પોતાના જીવનનો ધ્યેય બનાવેલ છે આવા લોકો અવળે રસ્તે દોરવાઇ ગયેલા છે.

ખરો માર્ગ એ છે કે તમો તમારી બંદગીના વખતને બરાબર સંભાળો અને એકાગ્રતાથી ખરું સુખ મેળવો.

તમારે યાદ રાખવું જોઇએ કે ગરીબ કે પૈસાદાર સર્વે માટે બંદગી જરૂરી છે.

તમારી દુકાનો તમારા મકાનો તમારી સર્વે ઔલાદ પૈસા વિગેરે બધું અહીંજ રહી જશે માત્ર તમારો રૂહ એકલો જ જશે. આ બાબત તમે કદી પણ ભુલશો નહિ.

# હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું :-

જ્યારે અમે ફરમાન માટે મોઢું ઉઘાડીએ છીએ ત્યારે મોતીના ઢગલા આપીએ છીએ પણ, પરીક્ષા કરનાર મોમન હોય તેજ તે મોતીઓની કિંમત સમજી શકે છે અને સમજે છે કે, તેઓને શું ચીજ મળી છે.

પણ તમે નાદાન છો.

ઈસા! પયગમ્બર નાદાન પાસેથી નાસી ગયા હતા તેવા નાદાન તમે છો ત્યારે મોતીના ઢગલામાંથી શું ફાયદો તમે હાંસલ કરી શકશો?

અમે જે ફરમાન તમને ફરમાવીએ છીએ તે જવાહીર છે. જેઓ ઇન્સાન છે તેઓ જવાહીર ઉંચકી લેશે. જેઓ હેવાન છે. તેઓની

નિગાહ ઘાસ ઉપર રહેશે અને જવાહીરને છોડી આપશે.

તમે ઈન્સાન રૂપમાં છો, ખુદાવંદતઆલાએ તમારી ઉપર ઘણી જ મહેરબાની કરી છે કે, તમને મહોબતથી સતપંથ દીનમાં જન્મ આપ્યો છે પણ હેફ છે કે, ઢોરની મિસાલ જન્મ ચાલ્યો જાય છે અને ઈન્સાન પાછો ખાકમાં દાખલ થઈ જાય છે.

રોજ કયામતમાં બીજી જાતોને તો એક બહાનું પણ છે કે, તેઓને સતપંથ દીનની ખબર નહિ હતી. તમે અરબ, બદક-શાંની, ખોજા, મુમના તથા બીજા જેટલા ઈસ્માઈલી સતપંથી છો તેઓ રોજ કિયામતના દિવસે કાંઈ પણ બહાનું કાઢી શકશો નહિ.

ઈન્સાન ખ્યાલ કરતો નથી કે,

મરણ પછી કયામતમાં તે એવો જવાબ આપશે કે ફલાણાએ મારા રૂહને ફરેબ દીધો, તો તે બહાનું કાંઈપણ ચાલવાનું નથી.

તમારી હવેની આટલી જીંદગી છે. તે, બે ફાયદે અને બેખબરીથી કેટલોક વખત ખોતા રહેશો ?

તમારા આદમના અવતારને ઓળખો, ઈન્સાન અવતાર તરીકેનો તમારો મરતબો સમજો.

ઈન્સાન થઈને ક્યાં સુધી હેવાન જેવા રહી જશો ?

દુનિયા ઉપર કયાં સુધી મહોબત રાખશો ? ક્યાં સુધી દુનિયાની બાજી ખાધા કરશો ?

તમે ઈન્સાન થયા ત્યારે તમને જન્મ

તથા મરણ છે. ઈન્સાન જન્મ અને મરણની વચમાં ફર્યા કરે તેમાં શું ફાયદો થાય ?

કોઈ માણસ પાસે આખી બાદશાહી હોય, એટલે કે તેને ઘેર આખી દુનિયાનું રાજ હોય, તેની પાસેથી બાદશાહી છીનવી લઈને, તેને ફકીર બનાવવામાં આવે તો, તેની કેવી ખરાબ હાલત થાય; હવે તમે ઈન્સાન રૂપી ઉત્તમ દેહમાં આવ્યા પછી, ફિરસ્તા થવાને બદલે ઈન્સાન મટીને હેવાન જેવા બનશો તો, તમારી પણ એવી જ ખરાબ હાલત થશે.

ઈન્સાનમાંથી ફિરસ્તો થઈ શકાય છે,

પરંતુ ઈન્સાનમાંથી ફિરસ્તા થવું તેમાં ઘણી મહેનત છે.

તમારા રૂહનો અવતાર પહેલાં પત્થરથી

શરૂ થાય છે.

અવ્વલમાં ઈન્સાન માટી તથા પત્થર રૂપે હતો.

મૌલાંના રૂમી કહી ગયો છે કે, હું પથ્થર હતો. તેમાંથી ઝાડમાં પેદા થયો, તેમાંથી બદલીને કીડીમાં પેદા થયો, ત્યાર બાદ જાનવરમાં પહોંચ્યો, જાનવરમાંથી મટીને વાંદરામાં પહોંચ્યો; તેમાંથી ઈન્સાન થયો છું. ઈન્સાનમાંથી શું થઈશ ? મલાએક બનીશ. ત્યાંથી ક્યાં જઈશ ? તે કરતા ઊંચે જઈશ.

"ઈન્સાન તે છે, જે ઉપર જવાની ઉંમેદ રાખે છે. તે સિવાય આ દુનિયામાં ઈન્સાન માત્ર જનાવર મિસાલ છે."

જેઓ ઉપર જવાની ઉંમેદ ધરાવે છે તેઓ ઉપર પહોંચવા માટે બંદગી વધારે કરે છે અને મહોબત પણ વધારે કરે છે.

પીર સદરદીન હતો. તે તમારા જેવો એક માણસ હતો તમારાથી કાંઈ ફરક નહિ હતો તેની આંખો કાન વગેરે તમારા જેવા જ હતા કોઈ પણ ખોજો હશે તે કહેશે કે, પીર સદરદીને ખોજા બનાવેલા છે. તે પીર સદરદીન પણ તમો ખોજાઓનો દીનબંધુ હતો.

પીર સદરદીન બુધ્ધિવાન, દાના, સાચો અને સાફ બાતુનનો હતો.

પીર સદરદીન એકલો જતો હતો ત્યારે પણ સમજતો હતો કે, ખુદા મારી પાસે છે.

તમે પણ મહેનત કરો અને પીર સદરદીન જેવા થાઓ.

અક્કલવાળો માણસ કહેશે કે,

ઈન્સાન એ એક મોટી ચીજ છે.

સારા નરસાને બરાબર ઓળખે તે ઈન્સાન છે.

હવે જુઓ કે, સારા અને નરસા વચ્ચે શું ફરક છે ?

પોંતાનો રૂહ અસલ મકાને પહોંચે તે સારું.

એવું ન બને કે રૂહ અહીંયા જ રહી જાય અને ઢોર માફક ખાય તથા સુએ.

સમજદાર ઈન્સાનને મોટી ઉમેદ રાખવી જોઈએ; તે એ છે કે, રૂહ જે ઠેકાણેથી આવ્યો છે તે અસલ મકાને પહોંચે.

રૂહની અસલ ઉમેદ છે તે બીજુ ઝવહર છે.

જ્યારે અસલની ખબર ન પડે, ત્યારે શું વળ્યું ?

અસલ મકાન કરતાં બીજું કયું મોટું મકાન છે ?

તમારું અસલ મકાન ઘણું મોટું છે, પણ હવે ઘણું દુર છે.

તમારું મકાન કેવું મોટું છે તેથી તમે અજ્ઞાન છો.

અસલ મકાને પહોંચવા માટે નામર્દીને જડમુળમાંથી ઉખેડી નાખવી જોઈએ. હિચકારાપણું છોડી દઈને હિંમત રાખવાથી અસલ મકાને પહોંચાય છે.

તમે જ્યારે સિજદો કરો ત્યારે માગો કે અમને અસલ મકાને પહોંચાડો.

જેમ બાળક પોતાની માતાથી જુદું પડે છે, ખોવાઈ ગયું હોય છે ત્યારે તે રડે છે કે ક્યારે મા પાસે જઈ પહોંચું ! તમે પણ તેવા થાઓ.

તમે દુનિયામાં બેઠાં છો તો તમારે દિલથી રોવું જોઈએ.

"આ દુનિયામાં બે જાતના મોમન છે. જેમાં એક બદનના મોમન છે, તથા બીજા રૂહના છે.

જેઓ બદનના મોમન છે, તેઓ અહીં જ રાજી થાય છે, અને આ દુનિયામાં જ રહેવાને રાજી છે. તેઓની જગ્યા જમીનમાં હોય છે. આ વડાઈના મોમન છે, તેઓ આખરે જમીનમાં જ જાય છે.

બીજા જે રૂહના મોમનો છે, તે

એવા થાય છે કે, દીનના કામમાં તેઓ આગળ અને આગળ કદંમ ભર્યા કરે છે. તેઓ ઉભા રહેતા નથી તે, મોમનો નિરંતર આગળ વધ્યા જ કરે છે. આવા માણસો બહેસ્તથી પણ ઊંચે જશે.

બહેશ્તથી પણ વધારે પાક એક જગ્યા છે, ત્યાં રૂહને પહોંચવું જોઈએ.

તમારામાંના તમારા કરતાં વધારે અક્કલવાળા હતા, તેઓ અમારે રસ્તે ચાલ્યા.

મિસાલ મનસુર ચાલ્યો;

મનસુર માટે બહેશ્ત મોજુદ હતી; પણ તે કહેતો કે, ખાલી બહેશ્તમાં જઈને શું કરૂં; જ્યાં સુધી મગજને ચાખીશ નહિ ત્યાં સુધી પાછો નહિ વળું, આગળ વધીશ.

રૂહની અસલ ઉમેદ છે તે બીજું જવહર છે. જ્યારે અસલની ખબર ન પડે, ત્યારે શું વળ્યું?

હાલ તમારી બન્ને બાજુએ બે રસ્તા છે. એક તરફ એક સડક ગઈ છે તથા બીજી તરફ બીજી સડક ગઈ છે. એક સડક હેવાન એટલે બદનની છે અને બીજી સડક રૂહની એટલે ફિરસ્તાની છે.

ફિરસ્તાની સડક આસમાન ઉપર જાય છે.

જો તમે એ સડક પકડશો તો સાતમે આસમાને જઈ પહોંચશો,

અગર એ સડક છોડી આપશો તો, તમારો રૂહ જમીન ઉપર જ રહેશે.

સાતમા આસમાન ઉપર જે સડક

જાય છે તેનો ખ્યાલ કરો.

તમે તમારો સુકો રસ્તો શોધો.

તમારો સુકો રસ્તો સાતમા આસમાન ઉપર છે.

જ્યારે ત્યાં તમે પહોંચશો ત્યારે સુકી જમીન તમને મળશે અને તમારૂં દિલ પણ તમોને ખાત્રી આપશે.

આ દુનિયા રૂપી દરિયામાંથી સાતમાં આસમાનની સુકી જમીનને પહોંચવા માટે, રસ્તામાં જે સડક છે, તે પર શેતાન ઘણી જાતનાં વરસાદ વરસાવે છે. ફિતના, દુશ્મની, જુઠું બોલવું વગેરે હજારો જાતના વરસાદ તે રસ્તા ઉપર વરસાવે છે અને મોમનને સુકી જમીને પહોંચવા આપતો નથી

મહેનત કરીને ઈલમ શીખો અને હિંમત રાખો જેનામાં હિંમત છે તે સાતમા આસમાન સુધી પહોંચી જાય છે.

મારા વાસ્તે ઘણી મહેનત છે. "એ" બેઈલ્મી કેમ રાજી થાય ? "એ"હકીકતને પકડતો નથી. એને હકીકત જોઈતી નથી.

જેઓ બેઈલ્મી છે તેઓ હકીકતને છોડી આપે છે,

પણ જેઓ હકીકતી છે તે બીજે રસ્તે ચાલે છે.

જેમ આગળ (૧) ઈસા (૨) પીર સદરદીન (૩) નાસર ખુશરૂ (૪) પીર શમ્સ (૫) મૌલાના રૂમી, એવી રીતના માણસો હકીકતના રસ્તા ઉપર ચાલ્યા.

આ રસ્તો નાદાનના માટે બહુ મુશ્કીલ છે.

પણ જે દાના અક્કલવાળો હશે તે કહેશે કે, આ રસ્તો સારો છે.

હકીકતના રસ્તાથી વાકેફગાર થશો ત્યારે તમે આઝાદ થશો.

ખોટું ન બોલવું. મારા દીનમાં ખોટું બોલવાની મનાઈ છે.

પૈસા સાથે દિલ બાંધવું નહિ.

ઘણા પૈસા કમાવો તેમાં ખુશી પણ નહિ થશો.

મહેનતથી કમાવેલા પૈસા જતાં રહે તો દિલગીર થવું નહિ.

ખુદા ન કરે ને કોઈનો છોકરો ગુજરી

જાય તો તેણે અફસોસ ન કરવો.

મોમનને દુનિયામાં કાંઈ પણ નુકશાની થાય છે તેનુ તેને દુઃખ થતું નથી.

દુનિયામાં મોમનને નુકશાની થાય તો પણ ગમ ન કરે. દીનનો ઈત્તેકાદ અને ઈમાનની નિશાની એજ છે.

ઈન્સાન ઉપર જે દુઃખ પડે છે, તે મોમનને સુખરૂપ લાગે છે.

ઈન્સાન ઉંપર બીમારી, કોઢીયાપણું, રગતપીત વિગેરે દરદ આવે છે, પણ મોમન તેનો અંદેશો રાખતો નથી અને ના ખુશ બનતો નથી.

મોમનને અગર રગતપીતનું દરદ હોય. તોપણ તેનું દિલ નુરાની અને દરિયાના

પાણી જેવું સફેદ હોય છે, તેના ઉપર ગમે તેટલા દુઃખ આવી પડે, તો પણ તેમને તે દિલ ઉપર લાવતો નથી.

ઈસા હકીકતી હતો, તે ખુદામાં ફના થયો તમે પણ ફના ફિલ્લાહ થાઓ.

તમે વિચાર કરો કે, અમે ફના થઈએ. જે કોઈ ચાહે અને કોશીષ કરે તે ત્યાં પહોંચી શકશે. પણ તમારા ગુન્હા તમને પહોંચવા આપતા નથી. તે ગુન્હાઓ એ તમને કેદખાનામાં બંધ કીધા છે.

તમે ફિલસુફી પડો તો ખુદાવંદતઆલાની નજીક થઈ શકો.

પીર શમ્સ, પીર સદરદીન, મૌલાના રૂમ, ફિલસુફી ઘણી પડયા હતા, તેમજ

કુરાને શરીફ પણ માયના સાથે પડયા હતા.

રૂહ ક્યાંથી આવ્યો ? પાછો રૂહ ક્યાં જશે ? જેઓ ફિલ્સુફીની કિતાબો પડયા છે, તેઓ એ સર્વે જાણે છે.

પીર શમ્સ, પીર સદરદીન, મૌલાના રૂમ, એઓ જ એવા થઈ શક્યા એમ નહિ સમજતા.

તમે પણ મહેનત કરી પડો તો એવા થઈ શકો.

આવો ઈલ્મ તમારા ઉપર વાજબ છે.

હું તમારા માટે ફિલસુફી રાખીશ તે પડજો તથા સમજજો તેમાં મોટી હિંમત છે.

હિંમતવાળાનો રૂહ જલદીથી દરિયામાં મળી જાય છે.

તમારો રૂહ એક નદીની મિસાલ છે.

અમે એક દરિયો છીએ.

તમારા રૂહનો આખરનો છેડો દરિયામાં એટલે અમારા પોતામાં છે. છેવટે તમે દરિયામાં મળી જશો.

જુઓ આ કચ્છના મુલકમાં જે નદીઓ છે, તે દરિયામાં મળી શકતી નથી. રસ્તામાં જ સુકાઈ જાય છે.

એ પ્રમાણે જે લોકો બે હિંમત છે તેનો રૂહ પણ કચ્છની નદીઓની માફક રસ્તામાં જ સુકાઈ જાય છે.

તમે ઘણા જ બેહિંમત છો, તેથી તમારો રૂહ જલ્દીથી ત્યાં પહોંચી શકતો નથી.

તમે તમારા રૂહને રસ્તામાં સુકાવા

આપો નહિ, પણ જલદીથી દરિયામાં મળી જવા આપો. તમે આ બાબત પર સારી રીતે ખ્યાલ કરજો.

તમે ઉંઘમાં પડેલા છો તેથી, તોપના અવાજ સંભળાતા નથી. સુતેલા માણસને ઉઠાડવામાં આવે છે તેમ, અમે તમને જગાડીએ છીએ કે, ઊઠો! ઈબાદતમાં મશગુલ થાઓ. ભુલો નહિ! ત્રણ વાગાની ઈબાદતમાં ઘણોજ ફાયદો છે. એક તરફ આખી દુનિયાનો માલ બીજી તરફ ઈબાદત એવું ઈબાદતનું જબરૂ વજન છે.

ખુદાને મળવું ઈબાદત ઉપર છે ઈબાદત ઈમાન ઉપર છે વળી ઈમાન હાંસલ થવું એ ઈશ્ક ઉપર છે.

ઈશ્ક કેવો હોવો જોઈએ ?

જેમ એક બિયાબાન અરણ્યમાં કોઈ તરસ્યો પાણી માટે તલબ કરે છે, તેવી જ

રીતે રૂહને પણ ઈમામનો ઈશ્ક હોવો જોઈએ. ઈમામના બદન ઉપર નહિ, પણ ઈમામના રૂહ ઉપર ઈશ્ક હોવો જોઈએ."

જે કોઈ રૂહાની ઈશ્ક રાખે છે તેજ ખુદા પરસ્ત છે.

ઈન્સાનને લાજમ છે કે ખુદાવદંત-આલાનો ઈશ્ક દિલમાં રાખે.

ઈન્સાન દુનિયાના ઈશ્કમાં કેટલો મુસ્તાક રહે છે અને કેટલી બેકરારી કરે છે ? તેના કરતા હજારો દરજ્જે વધારે ખુદા-વંદતઆલાનો ઈશ્ક રાખવો જોઈએ.

તમે મોમન છો તો ખુદાવંદતઆલા ઉપર આશક થાઓ.

હકીકતીઓનો ઈશ્ક ઔલાદ, સ્ત્રી તથા પૈસા ઉપર નથી હોતો, પરંતુ

ખુદાવંદતઆલા ઉપર હોય છે.

મોમન જેમ જેમ ખુદાવંદતઆલા ઉપર વધારે અને વધારે મોહબ્બત રાખે છે, તેમ તેમ ખુદાને વધારે અને વધારે નજીક થતો જાય છે; તે ખુદાને પ્રત્યક્ષ દેખે છે.

એવી જાતની મહોબત તમે મારા માટે તમારા દિલમાં રાખો કે તમારૂં શરીર જ તમારી સાથે હોય પણ તમારો રૂહ અમારી સાથે હોય.

જે કોઈ રૂહાની ઈશ્ક રાખે છે તેજ ખુદા પરસ્ત છે.

જો ઈશ્ક બરાબર હોય તો, ઈમાન રૂહ સાથે એક જ થઈ જાય છે.

તમે ઈમાનની બરાબર સંભાળ રાખજો

જેમ માણસો પોતાની દૌલત સંભાળે છે, તે પ્રમાણે મોમન પોતાના ઈમાનની સંભાળ રાખે છે.

તમે તમારૂં ઈમાન મનસુર જેવું રાખો.

જુઓ! મનસુરને શુળી ઉપર ચડાવવામાં આવ્યો તો પણ તેણે પોતાનું ઈમાન મુક્યું નહિ.

જ્યારે મનસુરને શુળી ઉપર ચડાવવામાં આવ્યો ત્યારે તેના શરીરમાંથી લોહી નીકળ્યું, એ લોહીમાંથી પણ "અનલહક" નો અવાજ નીકળતો હતો આખરે તેને સળગાવી દેવામાં આવ્યો. આ ઈમાનની નિશાની છે.

ઈમાન અમુલ્ય વસ્તુ છે અને ધણીને પ્યારી છે. અમારા દાદા હ. મૌલા મુર્તઝા અલીને મોમન નુસેરી "અલ્લાહ" કહેતો હતો,

તેને ૭૦ વખત કતલ કરવામાં આવ્યો તો પણ તેણે "અલી અલ્લાહ" કહ્યા કર્યું પછી હુકમ આવ્યો કે આ સાચો મોમન છે. અને એની ઔલાદ પણ સચ્ચાઈવાળી થશે. આ મોમન અને એની ઔલાદને કયામતમાં પુછાણું નથી. આટલો દરજ્જો તેને તેના ઈમાનના અંગે મળ્યો હતો.

જેનું ઈમાન ગયું તેનું બધું ગયું જેનું ઈમાન સલામત રહ્યું તેનું સઘળું સલામત રહ્યું માટે પોતાના ઈમાનમાં કદી ખલલ થવા દેશો નહિ.

જે શખ્સ ઈબાદત નથી કરતો તે હકની રોજી નથી ખાતો અને તેના દિલ ઉપર શેતાન કાબુ કરી તેનું ઈમાન લુંટી લ્યે છે.

કેટલા દિવસ તમારા દિલને ઈબાદત વગરનું રાખશો.

ઈબાદતનો બોજો ગરીબ તથા પૈસાદાર બન્ને ઉપર સરખો છે.

પૈસો ન હોય તો નહિ આપો પણ ઈબાદત કરો.

જો ઈબાદત નહિ કરો તો જહન્નમમાં જશો અથવા પાછા હેવાન થશો તેમાં શું ફાયદો ?

સલમાન ફારસ પણ તમારા જેવો એક માણસ હતો. તે પોતાના અસલમકાને પહોંચ્યો.

તમે પણ ઈબાદત કરી સલમાન ફારસ જેવા થાઓ.

તમે ઈબાદત કરો તો પીરસદરદીન જેવા થાઓ.

તમારે તમારી ઈબાદત છોડી દેવી જોઈએ નહિ.

જો કદાચ તમે બીમારીના બીછાના પર પડયા હો, તો પણ ઈબાદત છોડતા નહિં.

જ્યાં સુધી તમારા તનમાં પ્રાણ છે ત્યાં સુધી તમારી ઈબાદત છોડતા નહિ.

હંમેશા ખુદાની ઈબાદત કરજો.

હરપળ, હર સાયત ખુદાને યાદ કરવા જોઈએ.

અગર તમે ભુલી ગયા હો, અને ગાફલ થઈ ગયા હો, તો અમે તમને યાદ અપાવીએ છીએ.

ખુદાવંદતઆલાનીઈબાદતકરતીવખતે દુનિયાનો કોઈ પણ ખ્યાલ દિલમાં રાખશો નહિ.

ઈન્સાન રાત દિવસ પૈસા પેદા કરે, અને સારા કામ કરે પછી મરી જાય, ત્યારે શું ફાયદો?

તમે પીર સદરદીન જેવા થવાનું ધારો છો, તે કેમ બની શકે? તમારામાં હિંમત તો છે નહિ, ત્યારે તમારાથી બીજું શું થાય તેમ છે?

હંમેશાં બંદગી કરવા છતાં જો આઝાદીમાં ન પહોંચ્યો. તો શું વળ્યું?

તમે બંદેખુદા છો. ખુદા રહેમુર રાહેમીન છે ત્યારે શું તમને કોઈ વખત આઝાદ નહિ કરે? હું નથી કહેતો કે આ દુનિયા

પછી પણ તે આઝાદીમા તમે પહોંચી શકશો. એ સર્વે સીધા રસ્તા ઉપર ચાલવા તથા આલા હિંમત ઉપર આધાર રાખે છે. એ સઘળું તમારા હાથમાંજ છે.

અમે અમારા દિલથી તમને દુઆ કરીયે છીએ કે, 'ખુદા યા ! તેમના દિલમાં એવી તાકાત બક્ષ કે આઝાદ થાય. હકીકતી થાય ખરાબીથી દુર ભાગે. રસ્તો સવળો પકડે અનેસીધે રસ્તે ચાલે.

ખુદા યા ! તેઓને હકીકતી આંખો બક્ષ. આ દુઆ સઘળી દુઆ કરતાં વધારે છે.

અમારી દુઆ તો જેઓ હિંમતવાળા છે. તેઓને જ કામ આવે છે.

સારી દુનિયાની લિજ્જતથી દુર રહે એવો રોજો રાખે, ત્યારે બાતુની આંખ અને કાન છે, તે ખુલે.

ઈન્સાન પાસે એટલી કુદરત નથી કે માણસને પેદા કરી શકે, પણ એવી રીતે જુએ કે ખુદાના ભેદ અને કરામતની ખબર પડે.

તમે કહો છો કે, અમે મોમન છીએ; ત્યારે અમે પુછીએ છીએ કે, જનાવરથી ક્યો હુન્નર તમારામાં વધારે છે ?

એક કલાક ખ્યાલ કરજો કે રૂહ શું છે ? આવી રીતની આદત હોય ત્યારે મોમન થાય.

આવા આવા વિચારો કરશો ત્યારે જ મોમનના લક્ષણ તથા દીનની ખબર પડશે.

દરેક ઇન્સાનના રૂહ સાથે ઇમામનું નુર જોડાએલું છે.

જ્યારે તમે માણસને જુઓ છો, ત્યારે માણસની શિક્લ જોવામાં આવે છે. હાથ, પગ મોઢું, આંખો, સર્વે દીઠામાં આવે છે, પણ રૂહ દીઠામાં આવતો નથી.

તમે રૂહને જોવાની તજવીજ કરો.

તમારી ફઝીલત તથા સારો વખત રૂહને ઓળખવાનો છે.

ખુદાના નુરનો દીવો તમારી અંદર છે. તમારા હાથમાં છે. એ દીવો તમો સર્વેમાં છે. તેને તમે જુઓ તમે એને પુછો, તમે એને નહિ પુછશો તો તમને ક્યાંથી ખબર પડશે ? તમારો મઝહબ ઘણો કઠણ તથા મુશ્કિલ છે.

કેટલાક હજાર વર્ષો થઇ ગયા તેમાં કેટલા માણસો તે મકસુદને પહોંચ્યા ? હ૦ ઇસા, હ૦ રસુલ સ૦, મનસુર, પીર શમ્સ અને દુનિયાના બીજા થોડા માણસો પહોંચ્યા છે. તે સર્વેના કામ તથા રસ્તો એક સરખો જ હતો.

જેઓ ત્યાં પહોંચ્યા તેઓ પોતાના રૂહના આશક હતા, રૂહના દોસ્ત હતા. તેઓ તે મકાને પહોંચ્યા.

મુર્તઝાઅલીએ ફરમાવ્યું કે, 'જેણે પોતાને ઓળખ્યો તેણે જાણે કે ખુદાને ઓળખ્યો.'

જ્યાં જોઇએ છીએ ત્યાં રૂહ-દોસ્તને જોઇએ છીએ.

ખુદાનો દરજ્જો સમજ્યાં અગાઉ પોતાનો દરજ્જો સમજો ત્યારબાદ ખુદાના દરજ્જાની ખબર પડશે.

મોમનનો રૂહ તે અમારો રૂહ છે.

તમે પોતાના દિલમાં પોતાના રૂહને એટલે અમારા નુરને જુઓ.

હું કહું છું કે, જે કાંઈ છે તે રૂહજ છે, માટે તેની તપાસ કરો કે તે શું છે ? તે ક્યાંથી આવ્યો ? તે નુરની નિગાહ કરવી જોઈએ."

સારી દુનિયાની લિજજતથી દુર રહે એવો રોજો રાખે; ત્યારે બાતુની આંખ અને કાન છે, તે ખુલે.

ઈન્સાન પાસે એટલી કુદરત નથી કે માણસને પેદા કરી શકે, પણ એવી

રીતે જુએ કે ખુદાના ભેદ અને કરામતની ખબર પડે.

અક્કલવાળો માણસ કહેશે કે મારી આરઝુ આઝાદીની છે. હું આઝાદી પછવાડે દોડું છું, હું દોડીશ. હું શોધીશ!

અક્કલવાળો મોમન હોય, તેના માટે દુનિયા જહન્નમ છે.

અગર બાદશાહ હોય તો પણ દુનિયા જહન્નમ છે.

જો હજાર બે હજાર કે કરોડ રૂપિયાની દૌલત હોય, ઉમર પણ સો બસોની હોય. તો પણ સઘળું ઝેર બરાબર છે.

અમારા ફરમાન તમોને સખત લાગે છે અને મુશ્કીલ માલુમ પડે છે, પણ અમારી

ફરજ છે કે તમને ફરમાન કરીયે.

જેવી રીતે છાપા, ન્યુઝ પેપર વાંચી જાઓ છો તેવી રીતે વાંચી ગયા તો શું ફાયદો ?

જેમ જમીનમાં બી વાવવામાં આવે છે, તેમ અમારા ફરમાન તમારા દિલમાં રોપજો, તેમાં સારા સારા ફળ ઉત્પન્ન થશે.

અમારા ફરમાન ઉપર બે કલાક વિચાર કરજો.

અમારા ફરમાન જેઓ સમજી શકશે તેને મીઠાશ લાગશે.

અમારા ફરમાનને કિંમતી સમજજો જો મામુલી સમજશો તો, નુકસાન થશે.

ફરમાન ધ્યાનમાં નહિ લીયે તે મુર્ખ નાદાન છે.

નાદાન દીનનો દુશ્મન છે.

જેઓ મુનાફક છે તેઓ અમારા ફરમાનને કાન આપતા નથી.

અમારા ફરમાન એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નહિ નાખતા.

અમારા ફરમાનની ખબર તમને આખરતમાં પડશે.

અમારા ફરમાન પ્રમાણે નહિ ચાલશો તો, પરેશાન થશો. ત્યાં લોખંડ તથા આતશના ગુરજ તમારા માથામાં મારવામાં આવશે, ત્યારે તમે ત્યાં પોકાર કરશો અને

કહેશો કે, "તૌબા તૌબા" રાત દિવસ ગુરજ માથામાં લાગશે.

બે ખબરીનો ગુરજ ઘણો જ ઈજા પહોંચાડનાર છે.

આતશના ગુરજથી ડરીને ધાસ્તીના લીધે ઈબાદત કરે, તે મોમન નથી; પણ ખરું ડરવું એ છે કે, ખુદાના દીદારથી દુર ન થવાય તેનાથી ડરવું જોઈએ.

મોમનનું દિલ છે તે ખુદાવંતઆલાનું ઘર છે.

મોમનના દિલની ખુબી એવી છે કે, અમે તેના દિલમાં રહીએ છીએ.

તમારી પાસેથી અમે ન તો માલ માગીએ છીએ, કે, ન તો જાન માગીએ છીએ.

ફક્ત તમારું દિલ માગીએ છીએ.

હવે પછી પોતાના દિલથી કરાર કરો અને તમારા ખુદાવંદને તમારા દિલમાં જગ્યા આપો.

જ્યારે તમારું દિલ રાજી રહે ત્યારે ખુદા રાજી રહે.

તમે દુનિયામાં કેદમાં છો ત્યાં સુધી રાજી નહિ થાઓ.

જે લોકો ગામમાં છે તેઓની રૂહાની ને નસિહતના બોલ સમજાવવા જોઈએ.

તેઓ એમ નહિં કહે કે, દીનના બોલ અમારી રૂહાનીને સંભળાવવામાં ન્હોતા આવ્યા.

દીન અને નસિહતના જે બોલ તેઓની

રૂહાનીને પહોંચવા જોઇએ તે જ્યારે પહોંચતા નથી ત્યારે તેનું દિલ દરેક ઠેકાણે ફરતું ફરે છે.

તમારા દીનમાં તથાબીજાના દીનમાં કેટલો બધો ફરક છે ? તમે ખ્યાલ કરો. તમારો દીન "રૂહાની" છે અને બીજાઓનો દીન "જીસ્માની" છે.

રૂહાની તથા જીસ્માની દીનમાં કેટલો બધો ફરક છે ? તે મુખી કામડીયા બચ્ચાંઓ ને નહિ સમજાવે અને નાનપણમાં તેઓની રૂહાનીને નસિહતના બોલ નહિ લાગે તો જીસ્માની દીનબચ્ચાંઓના ધ્યાનમાં બેસી જશે.

દરેક જમાતને ફરજ છે કે, નાના મોટા સર્વેને અમારા ફરમાનની યાદી આપતા રહે.

જેઓને ઈલમની ખબર નથી, તેઓને રૂહાની બાબતમાં તમારા જેવા કરો.

તમે હકની વાત જાણતા હશો, અને બીજાને નહિ કહો તો તમને ગુન્હા થશે.

તમે મોમન હો, પણ થોડી કસર હોય, તો કામ નહિ આવે.

તમને ઈલમ ગીનાન આવડતા હશે, માએના પણ આવડતી હશે, પણ જો તમે હંમેશાં જમાતખાનામાં નહિ આવો તો કોઈ ચીજ તમને ફાયદો કરશે નહિ. આ મોટી નસિહત છે.

મારા ફરમાન તમારા દિલમાં ઘડ બેસે છે કે નહિ ? હું મુશ્કીલ સમજુ છું,

બીજી ફરજો ઉપરાંત પ્રથમ તો તમારે ત્રણ વખતની દુઆ કદી ચુકવી નહિ. હંમેશાં દુઆ વખતે જમાતખાનામાં હાજર રહેવું અને ત્યાંજ દુઆ પડવી.

પવિત્ર

હાઝર ઈમામ

તેમજ હઝરત ઈમામ

સુલતાન મુહમ્મદશાહના અહીથી

શરૂ થતી ફરમાનની ૪૯ કડીઓની સાંકળ

રૂહાની ઈલ્મની જરૂરત તથા

સાચી સમજ માટેના

છે જે સમજવા

જરૂરી છે.

## પવિત્ર નુર મૌલાના શાહ કરીમ હાઝર ઈમામે ફરમાવ્યું :-

અમારા દાદાએ જીંદગીના છેવટ સુધી પોતાના રૂહાની ફરજંદોની ભલાઈ માટે કાર્ય કર્યું હતું. અમો પણ અમારી જીંદગી તમોને અર્પણ કરીએ છીએ.

એવણ અમારા માટે પ્રેરણાદાયક હશે. અને એમના નકશે કદમ ઉપર ચાલવાની હંમેશા અમારી ખ્વાહીશ રહેશે.

સેંકડો વરસથી અમારા રૂહાની બચ્ચાઓ ઈમામતની રસ્સી દ્વારા દોરવણી મેળવતા રહ્યા છે.

સદીઓ થયા જાુદા જાુદા ઈમામોના વખતમાં મઝહબી રીત રીવાજો એક સરખાજ રહ્યા છે.

અમો માનીએ છીએ કે અમારી કોમી જીંદગીમાં ફેરફારો થવાજ જોઈએ.

દુન્યવી બાબતો માટે ઈમામ પોતે

નિર્ણય લ્યે છે. અને જુદા જુદા વિસ્તારોમાં અમો ફેરફાર કરી રહ્યા છીએ.

પરંતુ અમારે ભારપુર્વક જણાવવું જોઈએ કે એ જરૂરી નથી કે અમારા મઝહબી સિધાન્તોમાં પણ થવા જોઈએ.

તેઓએ નિયમીત રીતે પોતાના મઝહબની પાબંદી કરવી જોઈએ પછી તે (૫૦૦) વરસ ભુતકાળમાં હોય કે (૫૦૦) વરસ ભવિષ્યમાં હોય.

અમો ઈચ્છીએ છીએ કે તમે ભુતકાળની જેમ તમારી ઈબાદત બંદગી નિયમીત ગુજારતા રહેજો.

સાચા સુખની ખાત્રીપુર્વકની માત્ર એક ચાવી છે, તે છે ઈબાદત.

અમને લાગે છે કે આપણી યુવાન પ્રજાને ગીનાન શીખવવાની ઈસ્માઈલીયા એસોસીએશન ઉપર ખાસ કરીને જે જવાબદારી અને ફરજ છે તેને અંજામ આપશે.

તોજ આપણી આ અદભુત પ્રણાલીકાઓને આપણે ચાલુ રાખી શકીશું, નહિતર આપણે આપણો અગત્યનો એવો ભુતકાળનો અમુક વારસો ગુમાવી બેસશું કે જે આપણી જીંદગી પર્યંત અને હવે પછી જનમવાના છે તે અમારા રૂહાની બચ્ચાઓનાં જીવન માટેઅતી અગત્યનો છે.

અમારી નસિહત છે કે તમો અમારા દાદાશ્રીના ફરમાન પ્રમાણે ચાલશો તો દુનિયા અને આખરતમાં તમારૂં ભલું થશે.

રૂહાની બાબતોમાં અમો ઈચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે આપણી જમાતની પ્રણાલીકાઓ તેરસો વરસથી ચાલી આવે છે.

અમો ઈચ્છીએ છીએ કે અમારી જમાત ઈમામતની રસીને મજબુતપણે વળગી રહે.

હઝરત ઈમામ

# સુલતાન મુહમ્મદશાહે

ફરમાવ્યું :-

મોમનને વાજબ છે કે ઈમામ જે ફરમાન કરે તે માનવું જોઈએ.

તમને વાજબ છે કે ઈમાન સાથે હાઝર જોમાનું ફરમાન માનવું.

જેમ મુર્તઝાઅલીનું ફરમાન માનતા હતા, તેમ અમારા ફરમાન માનો અને તે પ્રમાણે અમલ કરો.

હમણાં અમારા ફરમાન માનશો તો આખરતમાં દિલગીર થશો નહિ. અમારા ફરમાન નહિં માનો તો આખરતમાં હેરાન થશો. તમે અક્કલવાળા હો અને માનો તો સારૂં.

તમો સર્વને લાજમ છે કે દીનની વાતો એક બીજાને સંભળાવો, નહિં સંભળાવશો તો ગુન્હા થશે.

તમે હકની વાત જાણતા હશો છતાં બીજાને નહિં કહો તો તમને ગુન્હા થશે.

જે લોકો ગામમાં છે તેઓની રૂહાનીને નસિહતના બોલ સમજાવવાં જોઈએ.

તેઓ એમ ન કહે કે દીનના બોલ અમારી રૂહાનીને સંભળાવવામાં ન હોતા આવ્યા.

દીન અને નસિહતના જે બોલ તેઓની રૂહાનીને પહોંચવા જોઈએ તે જ્યારે પહોંચતા નથી ત્યારે તેનું દિલ દરેક ઠેકાણે ફરતું ફરે છે.

રૂહાની તથા જીસ્માની દીનમાં કેટલોબધો ફરક છે ? તે મુખી કામડીયા બચ્ચાઓને નહિં સમજાવે અને નાનપણમાં તેઓની રૂહાનીને નસિહતનાબોલ નહિં લાગે તો જીસ્માની દીન બચ્ચાઓના ધ્યાનમાં બેસી જશે.

જેઓને ઈલ્મની ખબર નથી તેઓને રૂહાની બાબતમાં તમારા જેવા કરો.

જે ફરમાન અમે કર્યા છે તેને જીવતા જાગતાં રાખવાં તમારા હાથમાં છે. તેને તમે લખો, વાંચો, અમલ કરો તો ફરમાન જીવતાં રાખ્યાં ગણાય, તેમ નહિ કરો તો તેને મારી નાખ્યાં ગણાય.

દરેક જમાતને ફરજ છે કે નાના મોટા સર્વેને અમારા ફરમાનની યાદી આપતા રહે.

તમે જમાતખાનામાં અમારા ફરમાન શા માટે વાંચતા નથી?

અમારા ફરમાન વાંચવા તથા તેની માયના કાઢવાની જે કોઈ મના કરે છે તે દીનનો દુશ્મન છે.

ફરમાન ધ્યાનમાં નહિ લીએ તે મુર્ખ નાદાન છે નાદાન દીનનો દુશ્મન છે.

જેઓ મુનાફક છે તેઓ અમારા

ફરમાનને કાન આપતા નથી.

શેતાન જેવા ઈન્સાનની વાત સાંભળવી નહિ. શેતાનની સુરત માણસના જેવી છે. તેની વાત સાંભળવી નહિ.

ફરમાન ઉપર અમલ નહિ કરશો તો શેતાન થશો, તકબ્બુરીવાળા થશો.

મુરશિદનું ગમે તેવું ફરમાન માનવું જોઈએ.

આવી રીતનું ફરમાન કેમ થયું ? તે તમારે બોલવાનું નથી. અમે રાત કહીએ તો રાત અને દિવસ કહીએ તો દિવસ. પણ ઈમામની અક્કલ મુજબ તમારે ચાલવું જોઈએ.

કેટલીક વાતો તમારી અક્કલમાં ન ઉતરે તો પણ પીર મુરશિદ ફરમાવે તે પ્રમાણે તમારે કરવું જોઈએ.

મોમનને વાજબ નથી કે પોતાની નિગાહમાં આવે તેમ કરે.

શરિયતીઓ અમારા હકીકતી ફરમાન સાંભળે તો પણ તેમના દિલમાં અસર કરતાં નથી.

અમારા ફરમાન જેઓ સમજી શકશે તેમને મીઠાશ લાગશે.

અમારા ફરમાન કિંમતી સમજજો. મામુલી સમજશો તો નુકશાન થશે.

પીર સદરૂદીને જે ગીનાનોની કિતાબો લખી છે, તેથી જુદા પ્રકારની કોઈ કિતાબ હરગીઝ વાંચવી નહિ.

ઈસમાઈલીદીનભાઈસિવાયબીજાકોઈ પાસેથી દીનની તાલીમ નહિ લેવી જોઈએ.

જેમ કે યહુદી, નસારા, સુન્ની, શીયા, હિન્દુ વિગેરે પોતાના ધર્મની તાલીમ પોતાના જ માણસો પાસેથી લીએ છે.

ગિનાન તથા ફરમાનમાં ફરમાવ્યું છે, તે પ્રમાણે ચાલો, તેની કિતાબો બરાબર પઢો, તેની માયના કાઢો, તે ઉપર અમલ કરો.

પહેલા અમારા ફરમાન સાંભળો પછી ગિનાન, અમારા ફરમાન પ્રમાણે ચાલો તો તમને ફાયદો થાય.

અમારા ફરમાનની તારવણી કરી જમાતને સમજણ પાડવી એ મિશનરીઓનું કામ છે.

તમને ઈલમ ગિનાન આવડતાં હશે. માએના પણ આવડતી હશે પણ જો તમે હંમેશા જમાતખાનામાં નહિ આવો તો કોઈ ચીજ ફાયદો કરશે નહિ. આ મોટી નસિહત છે.

માસ્તર હુંશિયાર હોવો જોઈએ તેમ રૂહાની ઈલમથી પણ વાકેફગાર હોવો જોઈએ.

અમારા ફરમાન ઉપર ચાલે છે. તેજ અમારા ખરા મોમન છે.

યા અલી મદદ

કલામે ઈમામે મુબીન ભાગ પહેલામાંથી નીચે મુજબના ફરમાનો રૂહાની સમજણ માટે વાંચવા જરૂરી છે.

પ્રકાશન ૧૯૫૦

| સ્થળ | તારીખ | ફરમાન નંબર | પાના નંબર |
|---|---|---|---|
| મંજેવડી | ૩૧-૧૨-૧૮૯૩ | ૨૦ | ૫૯ |
| જંગબાર | ૧૩- ૯-૧૮૯૯ | ૪૫ | ૧૦૪ |
| જામનગર | ૪- ૪-૧૯૦૦ | ૫૧ | ૧૩૦ |
| વઢવાણ કેમ્પ | ૧૮-૧૦-૧૯૦૩ | ૬૩ | ૧૫૭ |
| વઢવાણ કેમ્પ | ૧૯-૧૦-૧૯૦૩ | ૬૪ | ૧૬૧ |
| રાજકોટ | ૨૧-૧૦-૧૯૦૩ | ૬૫ | ૧૬૬ |
| નૈરોબી | ૬-૧૦-૧૯૦૫ | ૧૨૫ | ૨૭૫ |
| દારેસ્સલામ (બીજો) | ૨૯- ૯-૧૮૯૯ | ૧૬૦ | ૩૪૫ |